## યુ.કે.ના ગુજરાતી મૂળના ખ્યાતનામ પર્કશનિસ્ટ (રિધમીસ્ટ) સંદિપ રાવલ ''અકિલા''ના આંગણે

# સંગીત એ ''પેઢી'' નથી, શ્રેષ્ઠ ને જ તક મળવી જોઇએ

**ગુજરાતી સંગીતને વિશ્વસ્તરે લઇ જવાની ખ્વાહિશ: દરિયાપાર ગુજરાત-ગુજરાતી કળાને જીવંત રાખવામાં મહત્ત્વનું યોગદાન: દેશનું ગૌરવ વધારી શકે તેવા જોમ-જુસ્સાવાળા કલાકારોની તલાશ**

વિશ્વ ફલક ઉપર ભારતીય સંગીતની બોલબાલા પરંતુ ગુજરાતનું સંગીત દક્ષિણ ભારત, રાજસ્થાન, બંગાળથી પાછળ : ગુજરાતમાં સંગીત સ્કુલની જરૂર

દેશ બહાર જાવ ત્યારે તમારી સાથે તમારો દેશ પણ જોડાયેલો હોય છે તમારૂ વર્તન તમારા દેશને રજુ કરતું હોય છે : સારૂ કામ કરો તો તો દેશને ગૌરવ મળે, ખરાબ કરો તો દેશની બદનામી થાય

સેન્સ ઓફ કોમ્યુનીટી માટે આપણે ગર્વ લેવો જોઇએ : આપણે કલાપ્રેમી છીએ : ગુજરાતમાં મારા જેવા ઘણા સંદિપ રાવલ થવા જોઇએ

સંગીતમાં ગ્રેડ આધારીત સર્ટીફાઇડ એજ્યુકેશન મળવું જોઇએ : સંગીત શીખવાની મેથડ અલગ-અલગ ન હોવી જોઇએ : વાંચીને તબલા વગાડી શકાય !

રાજકોટ, તા.૯: સંગીત એ કોઇ ''પેઢી'' નથી જેને માત્ર નાણા કમાવવાનું માધ્યમ બનાવી શકાય. આ ક્ષેત્રમાં લાગતા-વળગતાઓને ગોઠવી દેવાને બદલે જે શ્રેષ્ઠ છે તેમને જ તક મળવી જોઈએ તો જ આપણી કળાને યોગ્ય ન્યાય આપી શકાશે અને વિદેશમાં દેશનું ગૌરવ વધારી શકાશે તેમ યુ.કે.ના ગુજરાતી મૂળના ખ્યાતનામ પર્કશનિસ્ટ (રિધમીસ્ટ) સંદિપ રાવલે જણાવ્યુ છે.



મૂળ સુરેન્દ્રનગરના અને છેલ્લા ૨૦ વર્ષથી બ્રિટન જઈ વસેલા ૩૮ વર્ષિય સંદિપ હાલ વતનની યાત્રાએ આવ્યા છે. દરમિયાન ''અકિલા''ની શુભેચ્છા મુલાકાતે આવી તેમણે સંગીતના ક્ષેત્ર અંગે ઊંડાણપૂર્વક વિસ્તૃત ચર્ચા-વિચારણા કરી હતી.

''અકિલા''ના મોભી શ્રી કિરીટભાઈ ગણાત્રા સાથે વાતચીત દરમિયાન તેમણે જણાવ્યું હતું કે સંગીતને આપણે એક બિઝનેસ બનાવી દીધો છે. એક પેઢીની જેમ આપણે તેને ચલાવીએ છીએ ખરેખર તો સંગીત એ એક શોખની વસ્તુ છે. તેમાં કળા અને દેશ-રાજયનું ગૌરવ સૌ પ્રથમ હોવું જોઈએ. હાલ સંગીત માટે ખંતથી બેઠા થાય તેવા ખૂબ ઓછા છે. મોટાભાગના કલાકારો આર્થિક હેતુસર જ સંગીતને વરેલા જોવા મળે છે. ખાસ કરીને ગુજરાતી કલાકારો તેમને મળેલી તક ગુમાવી રહ્યા છે.

તમામ પ્રકારના વાદ્ય વગાડી શકતા (મલ્ટી પર્કશનિસ્ટ) સંદિપ ૬ વર્ષના હતા ત્યારે ''તપેલુ'' વગાડતા હતા !! તેમના દાદા કવિ ઓઘળ (ઓઘવજી) રાજકવિ હતા. ફેમીલીમાં સંગીતના મૂળ બહુ ઊંડા ન હતા પરંતુ તેમના પિતાનું એક વિઝન હતું. તેમણેએક વખત સંદિપને એક ''ઢોલક'' (નાનુ ડ્રમ) લઇ આપ્યું હતું અને ત્યાંથી શરૂ થયેલી સફરે હવે સિમાડાઓ કૂદાવી દીધા છે. સંદિપના માતા ફોક ગીત ગાતા હતા. ત્યારે સંદિપ રસોડામાં હાથમાં જે વસ્તુ હાથમાં આવે તે લઇ ઢોલક રૂપે વગાડી તેમને સાથ આપતા હતા આજે પણ સંદિપ ઘણી વખત હાથમાં જે કંઇ પણ આવે તેને વગાડવા માંડે છે !

બાળપણમાં પિતાએ આપેલું નાનું એવુ ઢોલક તેમણે આજે પણ સાચવી રાખ્યું છે. ઓલ ઈન્ડિયા ડાન્સ શોમાં તેમનું પર્ફોમન્સ જોઈ ખ્યાતનામ સિતાર-તબલાવાદક તાનશેનજીના આશીર્વાદ તેમને પ્રાપ્ત થયા અને તેમણે સંદિપને પોતાના વર્ગોમાં તાલિમ માટે આવવા આમંત્રણ આપ્યું હતું. ૪ વર્ષની તાલિમ દરમિયાન તાનશેનજીએ તેમને તરાશ્યા હતા.

૧૯૯૧થી બ્રિટન ચાલ્યા ગયેલા સંદિપે ૪ વર્ષ તબલા-ઈન્ડિયન કલાસીકલની સઘળી તાલિમ હાંસલ કરી હતી. તાનશેનજી પાસે મળેલી તાલિમ બદલ સંદિપ પોતાને નશીબદાર ગણાવે છે.

તાજેતરમાં લંડન ખાતે ગળથૂથીથી ગંગાજળ-આપણો મલક કાર્યક્રમનું સફળ આયોજન કરનાર સંદિપે જણાવ્યું કે આપણા (ગુજરાતી) કલાકારો તક પારખવામાં થાપ ખાઈ જાય છે. આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની કળા રજૂ કરી દેશનું ગૌરવ વધારવાની તેમને જે તક મળતી હોય છે તેમને તેઓ ગંભીરતાથી લેતા નથી. તે માટે જરૂરી સમજ અને શિક્ષણનો અભાવ કારણભૂત છે. અહીંના કલાકારોને ઠોસ તાલિમ મળી શકતી નથી. અલગ-અલગ મેથડથી તેઓ શીખે છે. જે ખરેખર અયોગ્ય છે. સંગીતનું જ્ઞાન ગ્રેડ મુજબ તથા એક સરખુ મળે તે માટે આપણે સંગીતની એજયુકેશન સિસ્ટમ સુધારવી જરૂરી છે.

પોતાને જયાં પણ તક મળે ત્યાં ગુજરાતને સાંકળી લેતાં સંદિપે કહ્યું કે વિશ્વ ફલક ઉપર ભારતીય સંગીતની બોલબાલા છે. સંગીતમાં આપણે ત્યાં દક્ષિણ ભારત આગળ છે ત્યાર બાદ રાજસ્થાન, બંગાળનો ક્રમ આવે છે. આપણું ગુજરાત સૌથી છેલ્લે છે.

તેમણે જણાવ્યું કે તેમને સંગીત માટે પેશન-ફાયર ધરાવતા કલાકારોની જરૂર છે પરંતુ આવા મળતા નથી. ફિમેલ સિંગરની તો ખાસ જરૂર છે પરંતુ આપણા કલાકારો તેમને મળેલી તક ''લાડ'' કરવામાં કે સમય ન હોવાની બડાશ ફૂંકવામાં વેડફી દે છે. ગુજરાતી કલાકારો જે તક ગુમાવે છે તેનાથી ગુજરાતનું સંગીત પણ ઘણું ગુમાવે છે.

સંગીત માટે કંઈ પણ કરી છૂટે તેવા ધૂની કલાકારો હવે મળતા નથી, જો આવા કોઈ હોય તો તેઓ આગળ આવે. કાચા માલને તૈયાર કરવાની જવાબદારી અમારી. કાચા સોનાને અમે સુંદર ઘરેણા રૂપે તૈયાર કરશું.

વધુમાં તેમણે જણાવ્યું કે અહીંના કલાકારોમાં પ્રોફેશ્નલીઝમનો પણ અભાવ જોવા મળે છે. સમયના તેઓ પાબંધ નથી. શિક્ષણ અને તેમને મળેલી તક અંગે તેમને પૂરતુ ભાન નથી. મોબાઈલ ફોનનું અયોગ્ય વળગણ છે. ચાલુ કાર્યક્રમે પણ મોબાઈલ સ્વીચ ઓફ કરવો તેમને ગમતો નથી ! એમાં કોઈ શંકા નથીકે ગુજરાતમાં ખૂબ જ સારૂ ટેલેન્ટ છે પરંતુ આ ટેલેન્ટનો દેશ-રાજયનું ગૌરવ વધારવામાં ઉપયોગ થાય તે જરૂરી છે.

અમારા જેવા કલાકારોને સમાજે ખૂબ આપ્યુ છે તો અમારે પણ તેમને પાછુ વાળવાની પહેલ કરવી જોઈએ.

સંદિપ કહે છે કે ગુજરાતમાં સંગીતના વિકાસ માટે નાણા-જગ્યા સહિતની તમામ જરૂરીયાતો પૂર્ણ કરી શકે તેવા દાતાઓ તૈયાર છે પરંતુ આ જવાબદારી ઉઠાવવા આગળ આવવા કોઈ તૈયાર નથી. ગુજરાતમાં સંગીતની તાલિમ અને કલાકારોને જરૂરી સમજણ આપી શકે તે માટે ઘણું કરવાની જરૂર છે.

એ.આર. રહેમાન અને કૈલાશ ખેર સહિત દેશ-વિદેશના વિખ્યાત કલાકારો સાથે કામ કરી ચૂકેલા સંદિપે વાંચીને તબલા વગાડી શકાય તેવી ટેકનીક વિકસાવી છે. તેમણે પ્રથમ વખત તબલા જોયા હોય તેવી ત્રણ વિદ્યાર્થીઓને કોઈપણ જાતની તાલિમ વિના માત્ર રાઈટીંગમાં મ્યુઝીક વાંચીને તબલા વગાડતી કરી દીધી હતી. સામાન્ય રીતે તબલા શીખવામાં લાંબો સમય લાગે છે. તેમણે કેટલીક ટેકનીકલ બાબતો સમજાવી સંગીતને વાંચીને તબલા વગાડવાનું શક્ય બનાવ્યું છે.


બ્રિટનના વેમ્બલી, આલ્બર્ટ હોલ, એપોલો થિયેટર, રશિયાના લેનિન સ્ટેડિયમ સહિત વિદેશમાં અનેક ખ્યાતનામ સ્થળોએ પર્ફોમ કરી ચૂકેલા સંદિપ રાવલને બે દિકરા છે. જેમાં એક ડ્રમ તો બીજો ગિટાર શીખે છે.

સંદિપને મોસ્કોમાં એક ફેસ્ટીવલ ખાતે ઓપનીંગ એક્ટ માટે નિમંત્રણ મળ્યુ હતું. બોમ્બે ડ્રીમ્સ અને ધ ફાર પેવેલીયન જેવા સુપ્રસિદ્ધ મ્યુઝીકલ ઉપરાંત બ્રિટનના ક્વીન એલીઝાબેથ-ટુ અને રોયલ ફેમીલી માટે પણ તેમણે પર્ફોમ કર્યુ છે. કુલ ૧૫ જેટલા આલ્બમ કરી ચૂકેલા સંદિપે આયરીશ ફોક મ્યુઝીક લેજેન્ડ તથા ૨૫ જેટલા ગ્રેમી એવોર્ડ જીતી ચૂકેલા ચીફટન્સ સાથે પણ કામ કર્યુ છે.

પોતે જ્યારે વિદેશમાં પર્ફોમ કરતાં હોય ત્યારે દેશનું પ્રતિનિધિત્વ કરતા હોવાનું માનતા સંદિપે જણાવ્યું કે ફયુઝનનો જમાનો હવે ગયો. હાલ વર્લ્ડ મ્યુઝીકની બોલબાલા છે. કારણ કે તે મારા-તમારા ઈમોશનને કનેક્ટ કરે છે. વર્લ્ડ મ્યુઝીક એ મ્યુઝીકનો એક પ્રકાર છે. વર્તમાન દૌરમાં ગુજરાતી મ્યુઝીક માટે વધુ તક રહેલી છે. નવા સંગીતકારોએ મ્યુઝીકનું સારૂ શિક્ષણ મેળવવા સાથે આધુનિક ટેકનોલોજીનો પણ ઉપયોગ કરવો જોઈએ. મોબાઈલને તેમણે બ્રેક આપવાની જરૂર છે.

બ્રિટનના 'ધ ટાઈમ્સ'એ જેમના પર ફ્રન્ટ આર્ટીકલ લખ્યો છે તેવા સંદિપ રાવલ ગળથૂથી થી ગંગાજળ જેવા થીમ બેઝ કાર્યક્રમો આપવા ઈચ્છે છે. ગુજરાતી ગીત-સંગીત-સંસ્કૃતિને વિશ્વ ફલક ઉપર લઈ જઈ દેશનું ગૌરવ વધારવાની તેમની ખ્વાહિશ છે. લંડનને તેઓ વર્લ્ડ મ્યુઝીકનું કેન્દ્ર ગણાવે છે. તેઓ કહે છે રિધમ એ સંગીતનો આત્મા છે તેના વગર કોઈ મ્યુઝીક ન હોઈ શકે. તેમના મતે આપણે ડાયરાઓમાં ખૂબ મજા કરીએ છીએ પરંતુ તેમાં કોઈ થીમ હોતી નથી. આમ થીમ બેઈઝ શો કરવાની તેમની ઈચ્છા છે. (૧૨.૪)

**સંદિપ રાવલ**
ઇમેઇલ :
music@sandeepraval.com
વેબસાઇટ:
www.sandeepraval.com



**રિધમીસ્ટ** યુ.કે.ના વિખ્યાત રિધમીસ્ટ સંદિપ રાવલ 'અકિલા'ની મુલાકાતે આવ્યા ત્યારની તસ્વીર. ઉપરની તસ્વીરમાં ડાબેથી બીબીસીના કેવિન સ્ટોની, હેમંતભાઇ સુરૈયા અકિલાના મોભી શ્રી કિરીટભાઈ ગણાત્રા તથા વલ્લભભાઇ સોજીત્રા સાથે સંદિપ રાવલ જોવા મળે છે. નીચે તેમની લાક્ષણિક તસ્વીરો. (તસ્વીર: સંદિપ બગથરીયા)



**મુલાકાત** દરિયાપારથી માદરે વતન દોડી આવેલા રિધમીસ્ટ સંદિપ રાવલ 'અકિલા'ની શુભેચ્છા મુલાકાતે આવ્યા ત્યારની તસ્વીરમાં કિરીટભાઇ ગણાત્રા, નિમીષભાઇ ગણાત્રા સાથે વાતચીત કરી રહેલા સંદિપ ઉપરાંત હેમંતભાઇ સુરૈયા, નીતિનભાઇ ભારદ્વાજ તથા ધનસુખભાઇ ભંડેરી જવા મળે છે. (તસ્વીર: સંદિપ બગથરીયા)

## BBCના કેવિન સ્ટોની રાજકોટમાં: સંદિપના જીવન પર ડોક્યુમેન્ટ્રીનું નિર્માણ

### 'અકિલા' સાથેના ઇન્ટરવ્યુનું રેકોર્ડિંગ: કેમેરો સતત સાથે ફરે છે

રાજકોટ તા. ૯: સંગીત ક્ષેત્રે પોતાની રિધમ-મ્યુઝીકલ શોથી બ્રિટન સહિત અનેક દેશોમાં ભારે ધૂમ મચાવી રહેલા સંદિપ રાવલના જીવન ઉપર બીબીસીના કેવિન સ્ટોની ડોક્યુમેન્ટ્રી તૈયાર કરી રહ્યા છે.

આજે રાજકોટમાં રોકાણ દરમિયાન સંદિપ જ્યારે 'અકિલા'ની મુલાકાતે આવ્યા ત્યારે કેવિન પોતાના કેમેરા સાથે આવી પહોંચ્યા હતા. તેમણે અકિલાના સંદિપ રાવલ સાથેના ઈન્ટરવ્યુનું સંપૂર્ણ રેકોર્ડીંગ કર્યુ હતું. કેવિન સ્ટોની છેલ્લા ઘણાં સમયથી સતત સંદિપની સાથે-સાથે ફરી રહ્યા છે. સંદિપ સાથે આજથી તેઓ ૩ દિવસના ગીર પ્રવાસે ગયા છે. કેવિન સ્ટોની બીબીસી માટે કામ કરે છે. ઉપરાંત તેઓ મ્યુઝીક ડાયરેક્ટર પણ છે. પોતાના ઉપર ડોક્યુમેન્ટ્રી બની રહી હોવાની વાતથી અગાઉ ખુદ સંદિપ પણ અજાણ હતા. કેવિને તેમને આ અંગે સરપ્રાઈઝ આપી હતી. કેવિનનો ૧૮ વર્ષીય દિકરો જૈકોફ સ્ટોની સારૂ ગિટાર વગાડે છે અને સંદિપની આગામી વર્લ્ડ ટુર વખતે તે શોમાં પર્ફોમ કરવાનો છે. બીબીસી ઉપરાંત બ્રિટનના ધ ટાઈમ્સ સહિત દેશ-વિદેશના અનેક માધ્યમો સંદિપની કળાને બિરદાવી ચૂક્યા છે.

લંડનમાં ગળથૂથીથી ગંગાજળ... કાર્યક્રમ વખતે પણ કેવિને રિપોર્ટીંગ કરી કલાકારોના ઈન્ટરવ્યૂ લીધા હતા. (૧૨.૫)

વિદેશી યુવતીઓને સ્ટેજ ઉપર દેશી ગીતો ગાતી કરી દઇએ એ જ અમારી સિધ્ધી: ઘણા વિદેશી લોકો ગુજરાતી લોકસંગીતના ચાહક



## આપણો મલક-ગળથૂથી થી ગંગાજળ...શોને વિશ્વના ખુણે-ખુણે પહોંચાડવા વર્લ્ડટુર યોજાશે

### ગુજરાતી ગીત-સંગીત-સંસ્કૃતિ સમગ્ર વિશ્વમાં છવાશે: સંદિપ-હેમંતભાઇ સુરૈયાની યોજના

રાજકોટ તા.૯: તાજેતરમાં લંડન ખાતે આપણો મલક-ગળથૂથી થી ગંગાજળ... શોનું ભવ્યાતીભવ્ય આયોજન કરાયુ હતું. આ શોને મળેલી સફળતા અને પ્રતિભાવને ધ્યાને લઈ સંદિપ રાવલ અને રાજકોટના હેમંતભાઈ સુરૈયાએ આ શોને વિશ્વના ખૂણે-ખૂણે પહોંચાડવા વર્લ્ડ ટુરનું આયોજન કર્યુ છે.

આ અંગે હેમંતભાઈએ જણાવ્યું કે લંડન ખાતે ગળથૂથીથી ગંગાજળનો સૌપ્રથમ શો યોજાયો હતો હવે તેને રાજકોટ અથવા મુંબઈથી શરૂ કરી વિશ્વના અનેક દેશોમાં લઈ જવાની યોજના છે. દ. આફ્રિકાના નૈરોબી, કેન્યા, મોમ્બાસા, ટાંઝાનિયા, યુગાન્ડા સહિત યુકેના લેસ્ટર અને ત્યાંથી વિશ્વના અન્ય દેશોમાં લઈ જવાશે.

તેમણે ઉમેર્યુ કે ગળથૂથી થી ગંગાજળ...ને લંડનમાં ભવ્ય સફળતા મળી હતી. આ શોમાં સૌરાષ્ટ્રની ઉભરતી ગાયીકા વિશ્વા કુંચાલાને તક આપવામાં આવી હતી. આ શો



વખતે આયોજન સ્થળે ગુજરાતી સંસ્કૃતિ અને પરંપરાને અનુરૂપ સ્ટેજ તૈયાર કરાયુ હતું. લગ્નગીતના ફટાણા વખતે તો દર્શકોએ વન્સ મોર-વન્સ મોરથી વાતાવરણ ગુંજવી દીધુ હતું. આ એક સૌપ્રથમ પ્રયોગ હતો. આ શોમાં એક થીમ હતી. જન્મથી મૃત્યુ સુધીનો કોન્સેપ્ટ તેમાં હતો. ગુજરાતમાં સારા-માઠા પ્રસંગે કેવા-કેવા ગીતો ગવાય છે તેનું તેમાં વર્ણન હતું. ગર્ભ સંસ્કારની તેમાં વાત હતી. આ શો સાડા ત્રણ કલાક ચાલ્યો હતો. વર્ષ ૨૦૧૦ના એપ્રિલ-મે દરમિયાન આ શોની વર્લ્ડ ટુર યોજવામાં આવે તેવી શક્યતા છે.

સંદિપ અને હેમંતભાઈએ સાથે મળી 'એબ્સલૂટ વર્લ્ડ' નામની કંપની સ્થાપી છે. જેના નેજા હેઠળ આવા શો યોજવામાં આવશે. ગુજરાતી કલાકારોને પણ આ આ શો દ્વારા વિશ્વ મંચ ઉપર પર્ફોમ કરવાની તક મળશે. (હેમંતભાઈ સુરૈયા: ૦૯૨૨૭૭ ૨૮૩૭૭)

ગુજરાતમાં થીમ બેઝ શોની ઇચ્છા: મનોરંજન ક્યારેય હલકુ ન કરાય: ગુજરાતી કલાકારો ઓપન માઇન્ડેડ બને